શ્રી ગણેશાય નમઃ

તૃભક્ત પ્રભાકર.

ાટકનો ટૂંક સાર અને ગાયનો.

વિદ્યાવિનોદ નાટક સમાજ માટે

રચનાર

નથુરામ સુંદરજી શુકલ,

લેખક

નગર, પોરબંદર અને વાંકાનેરના રાજકવિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા,

ી વિદ્યાવિનોદ નાટક સમાજ'ના માલેક.

:—આંગવાડી, પ્રીન્સેસ થીએટર, કાલબાદેવી, મુંબઈ

તૃતિયાવૃત્તિ પ્રત ૩૦૦૦

૧૯૭૨. ઇ. સ. ૧૯૧૬

મૂલ્ય બે આના.

મુંબઇ, કોટ, બજારગેટ નં. ૩૦૫ માં આવેલા
'સુબોધિની પ્રિન્ટીંગ પ્રેસમાં'
વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવને ....

પિતૃભકત પ્રભાકર

નાટકનાં પાત્રો.

જગન્નાથ શર્મા—માધવપુરનો ધનાઢ્ય બ્રાહ્મણ અને સાધુસંત ઉપર શ્રદ્ધા રાખનાર પરમ ધાર્મિક પુરૂષ.

ગંગાદેવી—જગન્નાથ શર્માની ધર્મપત્ની.

પ્રભાકર—જગન્નાથ શર્માનો પુત્ર, પહેલી અવસ્થામાં અત્યંત ઉદ્ધત છતાં છેવટે માતાપિતાની સેવાથી સંસારમાં સ્વર્ગનું સુખ અનુભવનારો નાટકનો નાયક.

કમળા—સર્વોત્કૃષ્ટ સતી, પ્રભાકરની ધર્મપત્ની.

ધર્મદાસ—કમળાના પિતાનો નિમકહલાલ નોકર.

મોહિની—માધવપુરમાં રહેનારી વેશ્યા, કૃતિમ પ્રેમવડે પ્રભાકરનું સર્વસ્વ હરનારી કુલટા.

વૃધ્ધવેશ્યા—મોહિનીને ઉછેરી મ્હોટી કરનારી વેશ્યા.

આશાદાસ—વિષયલંપટ વેરાગી સતી કમળાને મદદ કરવા કટિબદ્ધ થએલા ધર્મદાસે મોહિનીની મોહનિદ્રા ઉડાવવા ગુરૂ બનાવેલો એક ગમાર સાધુ.

દેવશર્મા—ગોપાલપુરનો રહેવાશી, મહાન પિતૃભકત બ્રાહ્મણ.

શાન્તી—દેવશર્માની ધર્મપત્ની.

ગંગા—
યમુના— } તીર્થસ્વરૂપ મહા નદીઓ.
સરસ્વતી—

ભોળોભટ—કમળાના પિતાનો આશ્રિત બ્રાહ્મણ.

એ સિવાય સાધુઓ, કુમારિકાઓ, યાત્રાળુઓ, વિષ્ણુ ભગવાન, લક્ષ્મીજી, ઇન્દ્ર, બ્રહ્મા અને મહાદેવ વગેરે.

પિતૃભકત પ્રભાકર.

નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

મંગળાચરણ:

પ્ર. ૧–પ્રભાકરનું શયનભુવન—સતી કમળા સુતેલી હોય છે ત્યાં પ્રભાકર પ્રવેશ કરી તેનાં સૌંદર્યને વર્ણવે છે. પરમાત્માએ પોતાને યોગ્ય પત્ની આપ્યા છતાં મનોવેગને મોહિનીના કૃત્રિમ પ્રેમ તરફ ખેંચનાર કુદરતને વશ થઇ, એ વેશ્યાને ત્યાં જવા તૈયાર થાય છે, ત્યાં ખખળાટથી જાગી ઉઠેલી કમળા દોડી પોતાના પતિને પકડે છે અને ઘણું સમજાવે છે, કાલાવાલા કરે છે, છતાં મોહાન્ધ પ્રભાકર માનતો નથી. કમળા પોતાને સાથે લઇ જવા પતિને વિનવે છે, પરંતુ ઉદ્ધત પ્રભાકર તેને લાત મારી મોહિનીને ત્યાં ચાલ્યો જાય છે. પાછળથી ગંગાદેવી પ્રવેશ કરી કમળાને આશ્વાસન આપે છે. કમળા પતિસેવાની અભિલાષાથી વેશ્યાને ત્યાં જવા વિચાર કરે છે, ગંગાદેવી તેને ત્યાં જવાની ના કહે છે. છતાં નમ્રતાપૂર્વક સાસુની આજ્ઞા લઇ કમળા પોતાના પતિ પાછળ જાય છે.

પ્ર. ૨–માધવપુરનો રાજમાર્ગ—ધર્મદાસ યાત્રાની અભિલાષાએ કમળાના બાપ પાસેથી રજા લઇ પોતાને ગામ જતો હોય છે ત્યાં માર્ગમાં માધવપુર આવવાથી કમળાને ઘેર એકાદ દિવસ રોકાવાની ઇચ્છા કરે છે ત્યાં માર્ગમાંજ તેને કમળા મળે છે, વૈશિકપતિના દુરાચરણથી વ્યથા પામેલી કમળાને ધર્મદાસ દિલાસો આપે

શે તથા એક નિમકહલાલ માણુસ તરીકેની ફરજ બજાવી પોતાના શેઠની સુપુત્રીને દરેક પ્રકારે મદદ આપવાનું કહી જુદો પડે છે અને કમળાથી પહેલાં મોહિનીને ઘેર જઇ પહોંચે છે.

પ્ર. ૩–મોહિની વેશ્યાનું ઘર—મોહીની પોતાની ચાલાકીનુ સ્વગત બ્યાન કરે છે, ત્યાં પ્રભાકર આવે છે. પરસ્પર પ્રેમવાર્તા થાય છે. તે ધર્મદાસ ગુપ્ત રીતે પ્રવેશ કરી બંનેની રીતભાત જુએ છે અને ખેદ બતાવે છે, ત્યાં કમળા આવી પતિભકિતનો ઉત્તમ નમૂનો પ્રેક્ષકોની નજર આગળ રજુ કરે છે. પ્રભાકર તથા મોહિની નિર્દોષ કમળાને ઘણાં તિરસ્કારનાં વચનો કહે છે છતાં કમળા સ્વામીસેવાનું સુખ લેવા મોહિનીને મોટાઇ આપી તેની સેવા પણ સ્વીકારે છે. પ્રભાકર ગુસ્સાથી તેને મારવા માંડેછે ત્યાં ધર્મદાસ પ્રકાશમાં આવી કમળાને બચાવેછે.

પ્ર. ૪–પ્રભાકરનું ઘર–જગન્નાથ શર્મા તથા ગંગાદેવી સંતસમાગમનો લાભ લેતાં હોય છે, ત્યાં પ્રભાકર આવી સાધુઓના તૂંબડાઓને તથા દેવસેવાઓને લાત મારી ઘણા અઘટીત શબ્દો બોલે છે. તેનાં માતાપિતા વૃદ્ધ હોવાથી બહુ કચવાય છે અને સાધુઓ માથે શ્રદ્ધા રાખવા સમજાવે છે પણ પ્રભાકરને કાંઇ અસર થતી નથી. ઉલટો તે વધારે ક્રોધાયમાન થાય છે. અને માબાપને ન બોલવાના શબ્દો બોલી ઘરમાંથી કહાડી મુકે છે.

પ્ર. ૫–મોહિનીનું ઘર—વૃદ્ધ વેશ્યા મોહિનીને પ્રભાકરનુ સર્વસ્વ લુંટી લેવા સમજાવે છે, પ્રપંચ રચવામાં પરમપ્રવીણ મોહિની પ્રભાકરને આવતો જોઇ પોતાની મા સાથે લડે છે અને પ્રભાકરની પ્રીતિને પ્રાણથી પણ વધારે પ્યારી બતાવે છે. મૂર્ખ પ્રભાકર મોહિનીની વાકચાતુરીપર મોહિત બને છે. વૃદ્ધ વેશ્યા મોહીનીને મારીને

ઘરમાંથી કહાડી મુકવા તૈયાર થાય છે, પ્રભાકર વચ્ચે પડે છે અને મોહિનીને પોતાનું સર્વસ્વ લખી આપે છે. "બાપ જીવતાં તેની મેળવેલી દોલત દીકરાથી લખી અપાય નહિ" એવી ચાવી ચડાવી વૃદ્ધ વેશ્યા ચાલી જાય છે. પાછળથી મોહિની પ્રભાકરને પ્યારમાં પરવશ બનાવી તેના પિતાને મારવા મોકલે છે, જો કે એવું દુષ્ટ કામ કરતાં પ્રભાકર ગાંડા જેવો બની જાય છે. અચકાય છે, તોપણ મોહિનીના પ્રેમ ખાતર પિતાનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે.

પ્ર. ૬–માધવપુર નજીકનું જંગલ—ધર્મદાસ પ્રભાકરની સ્થિતિ સંબંધી વિચાર કરતો અને વ્હાલા ધર્મનું ધ્યાન ધરતો નીકળે છે, ત્યાં નદી કિનારે ઝુંપડી બાંધી રહેલાં પોતાનાં સાસુસસરાની સેવા કરી ઘર તરફ કમળા તેને મળે છે. ધર્મદાસ બાલવયમાં પુત્ર ઉપર માતાપિતાએ શા શા ઉપકારો કરેલા હોય છે તેનું વર્ણન કરે છે. કમળાને પતિની ખરાબ વર્તણુંકથી વસમુ લાગે છે. ધર્મદાસ તેને ધૈર્ય આપે છે અને ઘેર જવા સુચવે છે. કમળા જાય છે, વેશ્યાના કૃત્રિમ પ્રેમથી ઉન્મત બનેલો પ્રભાકર હાથમાં કટાર લઇ પિતાને મારવા એજ રસ્તે નીકળે છે. ધર્મદાસ તેને ઘણો બોધ આપે છે છતાં વિષયી પ્રભાકરની વૃત્તિમાં ફેરફાર થતો નથી, તે તો પિતાના પ્રાણ લેવાનો દૃઢ સંકલ્પ કરી ચાલતો થાય છે અને ધર્મદાસ પણ ગુપ્ત રીતે એના પાછળ જાય છે.

પ્ર. ૭–જગન્નાથ શર્માની પર્ણકુટી—જગન્નાથ તથા ગંગા આંખો મિંચી માળા ફેરવતાં હોય છે ત્યાં પ્રભાકર આસ્તે આસ્તે પ્રવેશ કરી પોતાનાં કાર્યની સિદ્ધી કરવા આગળ વધે છે પણ માતપિતાનો કુદરતી પ્રેમ તેને તેમ કરતાં અટકાવે છે. ધર્મદાસ ગુપ્ત રીતે

એ તમાસો જોયા કરે છે અને વેશ્યાઓના યારની સ્થીતિ એ વર્ણવે છે. જગન્નાથ તથા ગંગા ધ્યાનમાંથી જાગ્રત થઇ પુત્રને આશીર્વાદ આપે છે. પ્રભાકરનું મન કાંઇક કરૂણાથી છવાય છે પણ પાછો એ પિતાને મારવા સજ્જ થાય છે, જગન્નાથ તથા ગંગા એને જોઇ જાય છે અને જાણે પોતાને તેડવા આવ્યો હોય એમ જાણી તેને અમીત વચનોથી માન આપે છે પણ પાપી પ્રભાકર તેનાં ઉપર શસ્ત્ર ઉગામે છે, ગંગા ગભરાય છે અને પ્રથમ પોતાને મારવા પુત્રને વીનવે છે. જગન્નાથ અજબ ધૈર્યથી તેના સનમુખ ઉભા રહે છે. પ્રભાકર પ્રહાર કરવા જાય છે ત્યાં ધર્મદાસ દોડી તેનો હાથ પકડી રાખે છે અને ધર્મનિષ્ઠ દંપતીને જાણે દૈવી સહાયતા મળી હોય એવું જણાય છે.

અંક બીજો.

પ્ર. ૧—મોહીની વેશ્યાનુ ઘર—મોહીનીએ સર્વસ્વ લુંટી લીધા બાદ કંગાલ બનેલા પ્રભાકરને પાણીચું આપી તે કોઇ બીજા સાથે પ્રેમ બાંધવાનો વિચાર કરે છે ત્યાં પ્રભાકર આવે છે અને મોહીનીનું મન બદલાયું હોય એમ જાણી તેને માટે પોતાના મનનો અભીપ્રાય તપાસે છે તેવામાં મોહિની પાછી વળી તેનો તીરસ્કાર કરે છે. ધર્મદાસ ગુપ્ત રીતે પ્રવેશ કરી ખેદયુકત બની વેશ્યાની કૃત્રીમ પ્રેમજાળને વખોડે છે. મોહિની પ્રભાકરને નોકર માફક ચીજ વસ્તુ લેવા બજારે મોકલે છે, એ અધમ વેશ્યા સુધાકર શેઠ સાથે રોજ મોજમજા ઉડાવે છે એ જાણી પ્રભાકર ઘણો પસ્તાય છે પણ ધન વગર નિરૂપાય બનેલો તે કાર્યમાં પ્રવૃત્ત થાય છે. પાછળથી સુધાકર આવે છે અને મોહીની તેને રંગરાગથી રીઝાવે છે ત્યાં પ્રભાકરને આવતો જોઇ સુધાકર નાસી જાય

છે એથી મોહીની પ્રભાકર ઉપર ગુસ્સે થાય છે અને તેને ઘરથી બહાર નીકળી જવા કહે છે. પ્રભાકર ઘણા કાલાવાલા કરે છે પણ બધું વ્યર્થ. અંતે જે શબ્દો પ્રભાકરે માબાપને ઘરમાંથી બહાર કાઢતી વેળાએ કહ્યા હતા એજ શબ્દો વેશ્યા સંભળાવે છે એ ધર્મદાસથી સહન નહિ થતાં તે જાહેર રીતે વેશ્યા સાથે વિવાદ ચલાવે છે પણ પ્રભાકરે પોતાના હાથે બધું લખી આપેલું હોવાથી નિરૂપાય બને છે અને પ્રભાકરને કમળા પાસે આવવા સમજાવે છે પણ પોતાની પવિત્ર પ્રેમદાને કાળુ મુખ શું બતાવવું એવા ઇરાદાથી પ્રભાકર ગામ છોડી ચાલ્યો જાય છે.

પ્ર. ૨-માધવપુરનો રાજમાર્ગ—પતિવિરહથી વ્યાકુળ બનેલી કમળા અફસોસ કરતી નીકળે છે ત્યાં ધર્મદાસ તેને મળે છે અને પ્રભાકરને મોહીનીએ કાઢી મુકયાના સમાચાર સંભળાવે છે. કમળા ધર્મદાસની સલાહથી પોતાના પતિ પાછળ તેને સમજાવી તેડી લાવવા જાય છે, ધર્મદાસ કમળાના સતિત્વની પ્રશંસા કર્યા બાદ મોહિનીને ઠગવા તથા તેની પાસેથી પ્રભાકરનું સર્વસ્વ પાછું મેળવવા કોઇ મદદગારની રાહ જુવે છે ત્યાં આશાદાસ નામનો વિષયલંપટ વેરાગી આવે છે, ધર્મદાસ તેને વિત્ત તથા વામા મેળવી આપવાનું વચન આપી સિદ્ધ બનાવે છે અને પોતે સાધક બની કાર્યપરાયણ થાય છે.

પ્ર. ૩-જંગલ—વેશ્યાની પ્રિતી સર્વસ્વ ગુમાવી પરમ દુઃખી બનેલો પ્રભાકર પશ્ચાત્તાપ કરતો હોય છે ત્યાં કમળા આવી તેને મળે છે અને ધૈર્ય આપે છે. પ્રભાકર ઘણોજ લજ્જિત બની કમળાને પીઅરમાં જઇ રહેવા કહે છે પણ સતિ કમળા પતિની સાથે સુખદુઃખમાં સમભાગીની રહેવા હઠ લે છે. પ્રભાકર વિશેષ ચિન્તાતુર થાય

છે. શ્રમિત થએલાં બન્ને જંગલમાં જરા આરામ લે છે. કમળાને નિદ્રાવશ જોઇ પ્રભાકર ચાલતો થાય છે. પાછળથી જાગેલી કમળા ગભરાય છે અને બળાપો કરતી પતિ પાછળ જાય છે.

પ્ર. ૪-ગોપાલપુરમાં દેવશર્મા બ્રાહ્મણનું ઘર—ગામમાં ક્યાંઇ ધર્મશાળા નહિ હોવાથી પંથ પરિશ્રમવડે પીડાએલો પ્રભાકર કોઇ બ્રાહ્મણનું ઘર જાણી રાત્રી નિર્ગમન કરવા ત્યાં આવે છે. દેવશર્મા પોતાના વૃદ્ધ અને અંધ માતાપિતાની પરમેશ્વર માફક પુજા કરે છે, આરતિ ઉતારે છે અને સ્તુતિ કરે છે એ જોઇ આશ્ચર્ય પામેલો પ્રભાકર તેની પ્રશંસા કરે છે અને પોતાને માતપિતાની સેવાનું સુખ ન મળ્યું એ માટે અફ્સોસ કરે છે. દેવશર્મા માબાપને લઇ જાય છે. તેવામાં ગંગા યમુના અને સરસ્વતિ દેવશર્માના ઘેર જળ ભરવા આવે છે. પ્રભાકરને વિશેષ આશ્ચર્ય થાય છે અને તે પાણી ભરી પાછી વળેલી દેવીઓની આડો ફરી પ્રશ્ન કરે છે. એ ત્રીવેણીના મુખથી માતાપિતાની ભક્તિનો અપૂર્વ મહિમા સાંભળી પ્રભાકરની વૃત્તિ માબાપની ભકિત તરફ વધે છે, ત્રિવેણી તેને આશીર્વાદ આપી જાય છે અને પ્રભાકર પણ માતાપિતામાં સુદૃઢ લગની લગાવી ચાલતો થાય છે.

પ્ર. ૫—માધવપુરનો રાજમાર્ગ—આશાદાસને સિદ્ધ ગુરૂ બનાવી સાધક શિષ્ય બનેલો ધર્મદાસ પોતાની યુક્તિમાં ફાવે છે, તેના ચમત્કારથી મોહિની વેશ્યાનું મન પણ આકર્ષાય છે અને તે સાધુઓને ઠગવા આવે છે પરંતુ તેમાં તે પોતેજ ઠગાય છે. છેવટ ધર્મદાસ બુદ્ધિબળથી પ્રભાકરનું સર્વસ્વ મોહિની પાસથી પાછું મેળવે છે અને આશાદાસને પણ એ અધમ વેસ્યાને અર્પણ કરી ચાલતો થાય છે.

પ્ર. ૬–જંગલ—પોતાની પુત્રીને સાસરીયામાં સંકટ છે એવું સાંભળી કમળાના બાપે કમળાને તેડવા મોકલેલો ભોળોભટ વદ્ધાવસ્થાને લીધે પંથ કરી થાકી ગયેલો હોવાથી પેટની પીડાનું વર્ણન કરતો નીકળે છે ત્યાં કમળા પણ પોતાના પતિને શોધતી શોધતી એ સ્થળે આવી ચડે છે. ભોળોભટ તેને પીઅર તેડી જવા ઉદ્યોગ કરે છે પણ જેનું મન પતિમાં તદાકાર બનેલું છે એવી સતી કમળાએ પોતાના સાસુસસરા કાશીએ પહોંચ્યાનું સાંભળેલું હોવાથી તેઓની સેવા અર્થે ત્યાંજ જવા દ્રઢ નિશ્ચય જણાવે છે અને ભોળાભટને પણ સાથે લઇ કાશી તરફ જાય છે.

પ્ર. ૭–કાશી નજીકનું જંગલ—માતાપિતાની ભક્તિમાં અનન્ય ભાવ રાખનાર પ્રભાકરની કસોટી લેવા લક્ષ્મીજીના આગ્રહથી જગતનિયંતા શ્રીવિષ્ણુ ભગવાન ત્યાં પધારે છે. બાદ કોઇ એક બ્રહ્મચારી વેદના વિચાર કરતો એ માર્ગે નીકળે છે, તેવામાં માબાપનાં મીલન માટે આતુર બનેલો પ્રભાકર પણ ત્યાં આવી ચડે છે. બંનેનો સંવાદ થાય છે તેવામાં પ્રભાકર બ્રહ્મચારીના મન ઉપર પિતૃભક્તિની અજબ છાપ છાપી તેના તત્વવિચારને તોડી પાડે છે. વિષ્ણુ તથા લક્ષ્મીજી પિતૃભક્તિમાં પ્રભાકરની અલૌકિક દ્રઢતા જોઇ પ્રસન્ન થાય છે છતાં વિશેષ કસોટીની અભિલાષાવાળાં લક્ષ્મીજીનું મન મનાવવા માયા બતાવે છે, પરમાત્માની માયાથી આખું જંગલ સળગી ઉઠે છે અને તેવામાં પ્રભાકરનાં માતાપિતા બળતાં અને આક્રન્દ કરતાં દેખાવ દે છે. પ્રભાકર અત્યંત વિહ્વળ બની માતાપિતાને બચાવવા પ્રાણની દરકાર રાખ્યા સિવાય એ પ્રજ્વલિત અગ્નિમાં કુદી પડે છે. પરમાત્મા પોતાની માયાને સમેટી પિતૃભક્ત પ્રભાકરને દૈવી ચમત્કાર બતાવે છે.

અંક ત્રીજો.

પ્ર. ૧-કાશીમાં વિશ્વનાથનું મંદિર—બ્રાહ્મણો શ્રીમહાદેવની આરતી ઉતારતા હોય છે ત્યાં ગામડીઆ યાત્રાળુઓ દર્શને આવે છે, બ્રાહ્મણો તેના પાસેથી દક્ષિણા પડાવે છે. તે દિવસે મહોત્સવ હોવાથી કાશીરાજાના અંતઃપુરની કુમારીઓ શ્રીમહાદેવના પુજન અર્થે આવે છે; અને દર્શનસ્તવન કરી ચાલી જાય છે ત્યાં અપાર શ્રમ સહ્યા છતાં માબાપનું મીલન નહિ થવાથી નિરાશ બનેલો પ્રભાકર આવી ઉભો રહે છે. બ્રાહ્મણો તેને શ્રીવિશ્વનાથનાં દર્શન કરી ચાલ્યા જવાનું કહે છે પણ સકલ દેવરૂપ માતાપિતાને માનનારો પ્રભાકર તેનેજ વંદન કરવા માટે, તેનાંજ દર્શન કરવા માટે, તેનીજ રાહ જોતો ત્યાં રોકાય છે. તેવામાં કમળા તથા ભોળોભટ શ્રીવિશ્વનાથ પ્રભુના દર્શન કરવા આવે છે અને અચાનક પ્રભાકરનું મીલન થતાં પોતાને ભાગ્યશાળી સમજે છે. કમળા પોતાના પતિની વૃત્તિ વિશુદ્ધ થએલી જોઈ વિશેષ આનંદ પામે છે ત્યાં ધર્મદાસ આવે છે અને શ્રીવિશ્વનાથને વંદન કરી પાછો વળવા જાય છે ત્યાં કમળા તેને જોઇ મળી પ્રભાકર સાથે મેળવે છે. ધર્મદાસ મોહીની પાસેથી મેળવેલું સર્વસ્વ પ્રભાકરને સુપ્રત કરે છે. કમળા પોતાના પિતાના નિમકહલાલ નોકર ધર્મબન્ધુ ધર્મદાસનો ઉપકાર માને છે અને પરસ્પર વિવેકની વાતો કરે છે, ત્યાં જગન્નાથ, રામો તથા ગંગાદેવી પ્રભુદર્શન અર્થે આવી પહોંચે છે અને પુત્ર તથા પુત્રવધુને મળી અત્યંત આનંદ પામે છે. પિતૃભકત પ્રભાકરને માબાપનાં દર્શન મળતાં હર્ષનો પાર રહેતો નથી. છેવટ સર્વે પ્રભુસ્તુતિ કરી પોતાના આશ્રમ તરફ જાયછે.

પ્ર. ૨-માધવપુરમાં મોહિની વેશ્યાનું ઘર—આશાદાસ મોહીનીના સમાગમથી મળેલાં સુખોનું વર્ણન કરતો હોય છે ત્યાં

પોતાની ધારણામાં પાછી પડેલી મોહિની પશ્ચાત્તાપ કરતી પ્રવેશ કરે છે અને આશાદાસને ચમત્કારથી માયા મેળવી આપવા સતાવે છે. આશાદાસનો ઉદ્યોગ નિષ્ફળ જાય છે અને ધર્મદાસ સાચું બોલી ઠગી ગયો એમ નિશ્ચય થતાં બન્ને એકબીજાને બચકાં ભરે છે ત્યાં માગણાવાળાઓ નાજર તથા સીપાઇ સાથે પ્રવેશ કરી મોહીનીની બાકી રહેલી મીલ્કત કબજે કરે છે અને તેને તથા આશાદાસને ઘરમાંથી કહાડી મુકે છે. વેસ્યા તથા વેરાગીનું જોડલું પસ્તાવો કરી ત્યાંથી ચાલતું થાય છે.

પ્ર. ૩-કાશીમાં પ્રભાકરનું આશ્રમ—સદ્ધર્મચારીણી સતી કમળાને સાથે રાખી પિતૃભકત પ્રભાકર માતાપિતાની સેવા કરે છે. વૃદ્ધ જગન્નાથ કાશીવાસના મહિમાનું વર્ણન કરી માધવપુર તરફ જવા ઇચ્છા બતાવે છે અને ધર્મદાસને પણ પિતૃશ્રાદ્ધ અર્થે ગયાજી જવા દેવા પ્રભાકરને સુચવે છે. પ્રભાકર પિતાના વચનને અનુમતિ આપે છે. વૃદ્ધ દંપતિ પ્રભુસ્મરણ કરવા અંદર બેસે છે. પાછળથી આશાદાસ સાથે કાશીમાં આવેલી નિર્ધન મોહિની પ્રભાકરને પોતાની જાળમાં ફરી ફસાવવા આવે છે. પ્રભાકર પિતૃભકિતથી ચલાયમાન નહિ થતાં સામો મોહીનીને ઉત્તમ બોધ આપે છે. મોહીની એ ઉદ્યોગમાં પણ પાછી પડે છે અને નિરાશ બની ચાલી જાય છે.

પ્ર. ૪-કાશીનો રાજમાર્ગ—આશાદાસ પોતાની કફોડી સ્થીતિનું વર્ણન કરતો નીકળે છે ત્યાં મોહીની આવી તેનાથી ટંટો કરે છે. આશાદાસ અજબ રીતે કાલાવાલા કરતા તેને શાન્ત પાડે છે ત્યાં ધર્મદાસ આવી ચડે છે અને ભિખારીને વેશે ભટકતા આશાદાસ તથા મોહીનીને જોઇ આશાના ઉપાસકોની સ્થીતીનો ચિતાર રજુ કરે છે. માર્ગમાં આવતા જતા ગામના લોકો આશાદાસ તથા મોહીનીનું

ભજન સાંભળી પઇ પૈસો આપતા જાય છે. ધર્મદાસ ખુલ્લો થઇ મોહીનીને તીવ્ર વચનના ચાબુક મારે છે, મોહાન્ધ જોડલું ધર્મદાસને પોતાની દુર્દશા કર્યા સંબંધી બે બોલ કહે છે. ધર્મદાસ એ બંનેને ઉત્તમ પ્રકારનો બોધ આપી ચાલ્યો જાય છે અને મોહીની તથા આશાદાસ પણ શુદ્ધ વૈરાગ્યવાન બની કાયમ કાશીમાં રહેવાનું પસંદ કરે છે. તથા જીવને ઇશ્વર ભકિતમાં જોડે છે.

પ્ર. ૫-જંગલ—કાશીની યાત્રા પુર્ણ કરી સહકુટુંબ માધવપુર તરફ જવા નીકળેલો પ્રભાકર વૃદ્ધ માતપિતાને પડતા પરિશ્રમથી વ્યતીત થાય છે, તેઓના ગુણ ગાય છે અને સતિ કમળા પણ પતિ સહિત સાસુસસરાની પરમપ્રેમથી સેવા બજાવે છે તેવામાં વિષ્ણુ તથા લક્ષ્મીજી પ્રભાકરની પિતૃભકિતપર પ્રસન્ન થઇ તેને દર્શન દેવા પધારે છે, પણ ત્યાંતો પ્રભાકરની પિતૃભકિતથી ભયભીત બનેલ ઇંદ્રિ તેને ચલીત કરવા આવેલ હોય છે. ઇન્દ્રના ઉકત આચરણથી વિષ્ણુ હસે છે જ્યારે પ્રભાકર ઇન્દ્રના આડંબરથી ચલાયમાન ન થયો ત્યારે ઇન્દ્ર બ્રહ્મા તથા રૂદ્રને મોકલે છે. એ બન્ને દેવોનો ઉદ્યોગ પણ ઇન્દ્રની માફક નિષ્ફળ જાય છે. છેવટ શ્રીવિષ્ણુ પરમાત્મા પ્રગટ થઇ પિતૃભકત પ્રભાકરને દર્શન આપવા તત્પર થાય છે અને પ્રભાકરની ઇચ્છાથી તેના વૃદ્ધ માતાપિતાને સ્વસ્થ બનાવે છે. જગન્નાથ તથા ગંગા પરમાત્માના દર્શન પામી પોતાને કૃતકૃત્ય સમજે છે, પ્રભાકર પ્રથમ માતાપિતાને પ્રણામ કરી વિષ્ણુને વંદન કરે છે. વિષ્ણુ વર આપવા ઇચ્છા બતાવે છે, પ્રભાકર પોતાના માતાપિતાને વરદાન આપવા પ્રભુને વિનવે છે. શ્રીવિષ્ણુ પરમાત્મા તેમ કરે છે અને પ્રભાકરના માતપિતાની યાચના મુજબ તેઓ કૃષ્ણાવતારમાં કરેલ રમણીય રાસલીલાના દર્શન કરાવે છે.

શાન્તિ : શાન્તિ : શાન્તિ :

શ્રી ગણેશાય નમઃ

પીતૃભકત પ્રભાકર

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

બાળાઓ— (૧)

ગૌરી સુત ગણપતિ છો મંગલ દાતા,
વંદન કરૂં વ્હાલા રોપી વરમાલા કંઠે રસાલા,
રિદ્ધિ આપી સિદ્ધિ આપી પ્રીતે પ્યારા પુરો આશ,
વિધ્નો વિદારી નિજ જનના જગત્રાતા. ગૌરી.
હરીહર અજ સહ સુરેશ આદિ,
આપની કદિ નવ ચૂકે યાદી,
સિન્ધુ જાણી ગજમુખ સુખના,
કિન્નર ગણમાં સુયશ ગવાએ,
ઉરગ આદિ પ્રાણી પણ ચ્હાયે,
ભાવથી ભજનારા, તે સહુ નર તરનારા, શ્રેષ્ટ સુહાતા.–ગૌરી.

બાળાઓ— (૨)

નિત્ય ભજીએ (૨) અહો નિત્ય ભજીએ ભ્રાત
પ્રભુ માફક પિતુ માતને–
ગણી વેદ વચન આ વાતને મેળવીએ યશ અવદાતને.–નિત્ય.
ઉરમાં ભાવ અનન્ય ભરીને, માત પિતાની સેવા કરીને,
સુત શ્રવણે શોભાવી સરસ નિજ જાતને (૨) નિત્ય.

કમળા—
પ્રભાકર— } (૩)

જળ વગર જીવન મીનનું, ઓ નાથ ! રહી શકતું નથી,
મ્હારા તરફ દિલ આપનું, કરૂણાળુ કેમ થતું નથી,
છાયા તમારા શરીરની હું, આપ મુજ આધાર છો,
સંસાર સર્વ અસાર એમાં, આપ એકજ સાર છો,
જા અલગ નાર અવિચારી,
લવરી છોડી જાને ઉભી શાને, જા.
સત્ય મોહીની પ્યારી મારી, મન મારૂં હરનારી
જાઉં.........જોર.........ધારી......... જા.

કમળા— (૪)

સાસુજી આપો જાવાની આજ્ઞા મને,
પામવા હુલાસ પ્રાણ પ્યારાની પાસ. આપો.
આશા બીજી મારે જરા નથી,
સેવી એને પુર્ણ કરૂં બાકીના શ્વાસ. આપો.
સ્વામી મારા સ્નેહે બિરાજે જ્યહાં,
ત્યાં શો છે ત્રાસ આપ થાઓ ના ઉદાસ. આપો.

ધર્મદાસ— (૫)

સમજે ન પ્રથમ જન કામી.
પસ્તાય પછી દુઃખ પામી. સમજે.
નિજ અબળા પર છતરાજી,
પરનારથી રમતા પાજી.

એ અધમો પર કહું માજી,
નથી રામ જરા પણ રાજી. સમજે.
હાથે બગાડે બાજી શસ્ત્રો શઠતાના સાજી,
પાકે નહિ છેવટ ભાજી.
સુંદરવર, ભયહર, સુખકર હરશે ખામી. સમજે.

મોહિની— (૬)

ઉડાવું આજે અજાયબ રંગ,
ખીલ્યું જોબન સહુ અંગ. ઉડાવું.
લટક મટકમાંથી છટકે આશક તો,
ઘાયલ કરૂં ઘણો મારી નયન તણો માર. ઉડાવું.
શયન નયન મારે ન કરે નાયક તો,
સામા ઉરજ ધરૂં લંક હલાવી કરૂં ઠાર. ઉડાવું.

નૃતકીઓ— (૭)

વાગી કૃષ્ણજીની બંસી,
વાલા વાગીરે- હાં.
સુણી ઝટ સેજથી રસીલી રાધા જાગી રે. હાં.
પ્રેમની ઘેલી નાર નવેલી,
ઉઘાડે શિર ચાલી જ્યહાં છે વનમાલી,
ધરીને નુપુર કર કંકણ ચરણપર...વાગી રે હાં.

જગન્નાથ—
ગંગા— (૮)

સંતો પ્યારા અંતરના આરામ, આવો બિરાજો અમધામ,
લાવી દયા શુભ દર્શન દીધાં, કીધાં સફલ મન કામ;
પામર જનને પાવન કરવા, હેતે સુણાવો હરી નામ. સંતો.

ભજનારા ભગવંતને, તજનારા સહુ તંત;
સ્નેહી જે છે સંતના, એના પુણ્ય અનંત.
સંતની સોબત, સંતની સેવા, સંતને થાય પ્રણામ,
એવી સુમતી સદા અમને દેજો, જન્મોજનમ ઘનશ્યામ. સંતો.

પ્રભાકર— (૯)

નજરથી થાઓ ન્યારા ઓ નઠારા,
ભગત બનીને ઘર લજવનારા,
કરી કરી સાધુ ભેળા સહુ વેળા,
મુજ મગજને બહુ પજવનારા. નજરથી.

જગન્નાથ—, ગંગા— } વૃદ્ધ વિચારી ટેવ સુધારી સેવ અમોને,
બની સમજુ સુત સુખકારી.

સંત જનો પર રોષ ન કરીએ, પાપથી દીલે ડરીએ,
ભગવાનના વ્હાલા એ છે, ભલો બોધ દે છે;

પ્રભાકર—બોધ દીએ કોઇ મુરખ શોધી, હું છું સદા સાધુઓનો વિરોધી,
જગન્નાથ—સુમતિ આપશે તુજને ધરી રતિ જગપતિ. નજરથી.

પ્રભાકર (૧૦)

ડરવું તારે વ્હાલી ! વિણુ વારે,
મારૂં માબાપને કઠિન કટારે,

મોહિની—પ્રાણ પતિ જાઓ લેશું પછી લ્હાવો,
કામને પતાવો ઝટ ઝટ ઝટ.

પ્રભાકર—નથી તુંથી એ રસીલી વધારે,
મોહિની—ઠીક ઠીક ઠીક.

પ્રભાકર—છકયો તુજ પ્યારે,
મોહિની—ઠીક ઠીક ઠીક.
પ્રભાકર—કમર કસીને હા હા હા જાઉં અત્યારે

(કોરસ)

અરે કામી ! શું છકયો કુવિચારે ધિક ધિક ધિક
પિતુને પ્રહારે ધિક ધિક ધિક,
ગજબ ગુજારે ધિક ધિક ધિક,

પ્રભાકર—જાઉં અત્યારે

પ્રભાકર— (૧૧)

જાન લઉં જઇ મારાં જનની જનકતણી,
કટાર હણીને આજે, ટટાર બનીને આજે,
ચરરર ચરરર ચીરીશ હૃદય બસ. જાન.
ધડક ધડક ઉર આ ધડકે છે,
અજબ વિચારો ચિત્ત ચડે છે,
શોકગ્રસ્ત છું પ્રેમમસ્ત છું. કટાર.

મોહિની— (૧૨)

બાંધી પ્રેમ એક સાથ બેસી ન રહેવાયે,
આનંદી હૃદય અકળાયે.
પૈસાની પ્રિતિ એ વેશ્યાની રીતિ છે,
તે શું તજાયે મા લજાયે.
ફસાવું મોહ તણી જાળ રચી ફાંકડાને,
નહિ રહેવા દઉં હું આંગણે કોઇ રાંકડાને.

ચખાડું રંગ રૂડા અંગનો શોધી વડાને,
કળી શકે કોણ કહો મારી આ અનહદ કળાને,
આ જુવાની રતન, હું કરૂં છું જતન તોય જાયે.

કમળા— (૧૩)

દુઃખીઆરી ફરૂં દિનરાત,
હદ થાય હવે તો.
વિયોગનું વિષ વ્હાલો પાયે, તોપણ જીવ ન જાયે,
શું ક્ષિતિતલ જઇ ધર્મ છુપાયો દાસની સાથે... દુઃખીઆરી

આશારામ— (૧૪)

નખરાથી નારી મળી જશે— નખરાથી
નયનોના ન્યારા, જોઇ ઇસારા,
મારામાં મન એનું ભળી જશે. નખરાથી.
ભામાને ભેટતાં, શય્યામાં લોટતાં;
તાપ અંતરના ટળી જશે. નખરાથી.

ધર્મદાસ—જોડી તમારી જામતાં મ્હારી,
મહેનતનો બદલો વળી જશે. નખરાથી.

પ્રભાકર— (૧૫)

ખોયા ધન ને ધામ હવે શું કરવું કયાં જઈ રહેવું,
ભૂખ તૃષા ભય આવે એવું દુઃખ શી રીતે સહેવું. ખોયાં.
ગાજ્યા ગમાર બની જીવનના અલ્પ દિન આનંદમાં,

સુખ સુર્ય ઢંકાયો હવે તો વ્યાધિ વાદળ વૃંદમાં,
શાસ્ત્ર બધાં સમજાવે તેવું બસ દીધેલું લેવું. ખોયાં.
મેં પાપીએ સંતાપી સતીને કર્મ મારાં શું કહું,
માબાપનો દ્રોહી બન્યો એ પાપનાં ફળ ભોગવું,
માન્યું નહિ એ વખત જરા મેં કોઇ સુજનનું કહેવું. ખોયાં.

કમળા— (૧૬)

નાથ વળ્યા છો કઈ વાટે,
બળતીને ક્યાં મૂકી પડતી.
એક ગહન વન ને વળી રજની,
મોત નિશાની મુજ માટે રે. બળતીને.
પામીને સ્વામીનો આવો અનાદર,
છાતી ન કોની કહો ફાટે રે. બળતીને.

દેવશર્મા—
શાન્તિ— (૧૭)

જય જય પિતુ માતા (૨)
પ્રતિદિન સેવા કરીએ (૨) સમજી સુખદાતા. જય. જય.
જન્મ દઇ જગમાંહિ સહી અનહદ શ્રમને–પ્રભુ.
અહર્નિશ ઇચ્છિત આપી (૨) ઉછેર્યાં અમને. જય. જય.
સૂકામાં સૂવાડી આપ સુતા ભીને–મા
લુતાં આંસુ રૂદનના (૨) હૃદયે ચાંપીને. જય. જય.
જાળવતાં દીનરાત પુત્ર ગણી પ્યારો–મને
ભૂલી કેમ જવાયે (૨) એવા ઉપકારો.

ગંગા—
યમુના—
સરસ્વતી— } (૧૮)

સાહેલી સંગ ચાલોને સ્નેહથી,
જેને વ્હાલાં માબાપ છે એ માનવ નિષ્પાપ. સાહેલી.
વોર્યાં વિશેષ બ્હેની ! આપણે મહા પાપીનાં પાપ,
એ પાપ અહીંઆં પ્રજાળશે આ પિતૃની ભકિતનો પ્રતાપ,
ભજીશું આમ દાસીના દેહથી. સાહેલી.

ગંગા-યમુના-સરસ્વતી— (૧૯)

બહુ પાપી તણાં સહુ પાપ હરૂં, દુષ્ટ જનો હું પુનિત કરૂં,
તદપિ વપુ આ મુજ ઉજ્વળ તે કયમ સ્યામ થયું સહુ એમ છતે ?

* * * *

મુજ પુણ્ય ભૂમિ રમણિય અહા નીલ અંબર ધારીજ ત્રાસે મહા.
અતિ ઘોર કુકર્મિ વસે જ અહીં બસ એજ નરાધમ નીરખું તહીં,
એ પાપી તણા પડછાયા થકી નિસ્તેજ બન્યા સમજાય નક્કી.

* * * *

તુજ કાળજું આ ક્રૂરતાથી ભર્યું, મહીં પાપ અધર્મનું વિષ ભર્યું
શીર માતપીતા બહુ લાત દઇ ફરતો મુઢ ભ્રષ્ટ મતીજ થઇ.
થયું સ્યામજ પુન્યનું ક્ષેત્ર નકી, પિતુદ્રોહી અરે તુજ છાય થકી.

* * * *

તપ તીર્થ કરે, બહુ પુન્ય કરે, હરિસેવ કરે, જપ યજ્ઞ કરે,
પણ જો પિતુમાતની સેવ કરે, ભવપાર તરે નીજ પુન્યવડે.

સુખ સ્વર્ગ તણાં સ્હેજે મળતાં વળી પાપ અમાપ બધાં બળતાં.

*　　*　　*　　*

ધીક્ક જન્મ ધર્યો જગમાં નકટા દુભવે પિતુમાત દઇ ફટકા,
જનની નવ માસજ ભાર વહી, મળમુત્ર મહિં કર ધોઇ રહી,
વિસર્યો મુરખા કયમ પુત્ર થઇ ? ધીક્ક પત્થર પેટ પડયો કાં નહી ?

ગંગા—　　(૨૦)

ગુણની ખાણ મને ગણુ ગંગા કષ્ટ અધમના કાપું,
મુજમાં ન્હાતા મનુષ્યને હું મોક્ષ નિરંતર આપું,
મહિમા મારો એવો, સાખ પૂરે છે દેવો.

યમુના— યમુના મારૂં નામ અરે હું યમની બીતિ ટાળું,
મારૂં પાન કરે જે તેનાં પાપ તમામ પ્રજાળું,
હરનારી છું હાનિ, વાત એ છે ના છાની.

સરસ્વતી—સરસ્વતિ હું સુંદર, મારૂં જળ કિલ્મિષ હરનારૂં,
કરે સ્નાન શ્રદ્ધાથી તેનું સદા કરૂં છું હું સારૂં,
કરૂણા મારી પામી, દાસ ખોવે છે ખામી.

પ્રભાકર—મુજને તારો પાપ નીવારો, આવે દુઃખનો આરો;
કરૂં સ્નાન ને પાન હમેશાં દૃઢ વિશ્વાસ તમારો.
સુખમાં દેજો સ્થાપી, માત ! છું પુરો પાપી.

આશાદાસ—　　(૨૧)

બલિહારી શ્રી કૌશલ્યાના બાળ,
શી વિશાળ આંખો સ્નેહથી ભરી.
જાણી દાસ જનોનાં પ્રતિપાળ,

જેની સાથ સીતા સુંદરી વરી.
લઇ વાનરોનુ દુશ્કર લશ્કરસુરની પીડા હરી
સદા શાણે ન રાખી શંકા.
દળ દાનવોનું રોળ્યું રણમાં રાવણીઆને હણી
દીધા લંકાપુરીમાં ડંકા.
મારા રામનીરે મૂર્તિ જાદુ ખુબ જમાવે,
ગોરી ગામનીરે એનાં દર્શન કરવા આવે.

ધર્મદાસ—વાહ બાવાજી વાહ !

આશાદાસ—ઘણી મનહરણી, સુવર્ણું વરણી નિરખું હરખું ઓહોહો.

ધર્મદાસ—ભોળી ભામારે આશાદાસ ગુરૂને ભાવે,
બહુ ડોળી છે દુનિયા બાવે.

આશાદાસ—રામ ભજો ભાઇ રામ ભજો (૨) બલિહારી.

મોહિની— (૨૨)

ચાલો ચાલો વ્હાલા ચાલો,
નાજુક નાર છું નિરાળી.

આશાદાસ—હવે રાગી બનીને ત્યાગ ત્યાગશું.

મોહિની—રંક અબળાની ઉપરે કરી કૃપા અપાર,
ખરા આપ સંત રે'મવંત વળી મહા ઉદાર.

ધર્મદાસ—ખુશી થા હમણાં નફ્ટ નાર, વંઠેલી પછીથી થાશે વિચાર.

આશાદાસ—વાંક આવતાં વિવેકે માફી માગશું. ચાલો.

મોહિની—મુદ ભર મળીઆ હાર હૈયાના,
શુભ શણગાર બનો મુજ ઘરના.

આશાદાસ—આપીશ હું હર વખત તને બસ,
ખોદી જમીન ખજાના જરના.
ધર્મદાસ—લીધી છે લાખની માળા, સાથે સ્વામી રૂપાળા;
આશાદાસ—પીશું ઘટ ઘટ પ્રિતિ પ્યાલો,
ધર્મદાસ—જામી અનહદ જોડી મ્હાલો,
આશાદાસ—હવે રાગી બનીને ત્યાગ ત્યાગશું. ચાલો.

ભોળોભટ— (૨૩)

પીડા છે માત્ર એક પેટની;
સાગર સરિતા તેમ સરોવર ભર ચોમાસે ભરાય,
ભરીએ તો પણ ઠાલું ને ઠાલું ગજબી પેટ ગણાય. પીડા.
ઝાઝું ભર્યે જવરે જાય ઝલાઇ, થોડું ભર્યે રહે ભુખ,
ખાલી રાખ્યાથી થાય ખરાબી, દરેક વાતે દુઃખ. પીડા.
પેટને કારણ સાંભળી રે છે, કડવાં વચન કાન;
સરખાં ગણવાં પેટને કારણ, માન અને અપમાન. પીડા.
વ્યાધિ વધારણ પેટને કરણ પીઠ બીચારા પીડાય,
પેટને કારણ દોડી દોડી, ટાંટીયા તુટી જાય. પીડા.
જવું પડે છે પેટને કારણ, દેશ તજી પરદેશ,
પેટને કારણ ધરવા પડે છે, વખત મુજબ વેશ. પીડા.
પાળવો પડે પેટને કારણ શેઠના કુળનો શોગ,
પેટને કારણ પ્રાણ પ્રીયાનો, વેઠવો જોઇએ વિયોગ. પીડા.

કમળા— (૨૪)

સ્વામી સુંદર પ્રતાપી પ્રભાકર
મારે મન ભાવ્યા,
પીઅરમાં રહી શું સુખ પામું,
દુ:ખો વરસાવ્યાં વ્હાલે, ભલે તરસાવ્યાં તોએ. મારે.
પ્રાણ વિના રહે દેહ શી રીતે,
ભાગ્યમાં લખાયા એ તો જીવથી જડાયા. મારે.

બ્રાહ્મણો— (૨૫)

અંતરયામી પ્રભુ છો આપ જય જય વ્હાલા વિશ્વપતિ,
જટા જુથમાં ગંગા રાજે; ભવાની અર્ધાંગે ભાજે. જય જય.
શશી ભાલ શોભે છે ભારે, ત્રિપુંડ વ્યાધિથી તારે. જય જય.
ગળે રૂંઢમાલા ધારી છે, કૃપા તમારી ન્યારી છે. જય જય.
સદા બેલની સ્વારી પ્યારી, તથાપિ કિર્તિ વિસ્તારી. જય જય.

બાળાઓ— (૨૬)

ભોળા શંભુ સદા ભય ભાંગે સેવાથી શાણી,
ગુણ ગાવાથી ગૌરીપતિના વિમળ બને વાણી;
માફ કરી મહાદેવજી, દાસી જનના દોષ,
ઇચ્છિત વરને આપશે, એ છે આશુતોષ;
પાવન થાય છે જેને નિરખી પ્રાણી. ભોળા.
પ્રિતે પુષ્પ ચઢાવીએ, સાહેલી મળી સાથ;

કરીએ વંદન કોડથી, હરને જોડી હાથ.
માનવ દેહથી લઇએ સુખડાં, ગાણી. ભોળા.

તીર્થવાસી— (૨૭)

કાશીનાથ કૃપાળુરે મહાદેવજી.
સુખમાં સ્થાપી વ્યાધી ઉથાપી સુમતી સુખદ અરપે છે,
શરણે રહેતાં ઉંમાકાન્તને દૂત યમોના દૂરે ભાગતા
ફરે છે. મહા.

બ્રહ્મા વિષ્ણું આદિ જેનું મુદથી ધ્યાન ધરે છે,
ગંગા શિર અર્ધાંગ ભવાની, સેવક કેરાં કામો સફળ
કરે છે. મહા.

ભાલચંદ્રની રેખા નીરખી સહુનાં નેણુ ઠરે છે,
ભજતાં એ ભવપતિને ભાવે, ભક્ત આ ભવસિન્ધુ
સહજ તરે છે. મહા.

મોહિની— (૨૮)

હાય મને બાવી બનાવી તેં બાવા,
હાય રડયા બાવા, વોય રડયા બાવા,

આશારામ—ઠગવા જાતાં તું પોતે ઠગાણી,
જુઠાં મારે છે કાં ઝાવા—રાંડ હવે-જુઠાં હાય મને.

મોહિની—ખોળી આપ્યો નહિ એક ખજાનો,
આવ્યો તો બાપનું શું ખાવા. હાય મને.

આશાદાસ—હું લઉં તંબુરો ને તું લેજે કાંસીયા,
ગુણો ગોવિંદના ગાવા—હાલ રાંડ. હાય મને.

કમળા— (૨૯)

સહુ આશ ઉરની ફળશે, મને! મન માન્યા સુખ મળશે રે
થાય ભલું ભગવાન ભજનથી સત્યધર્મની સંગે;
રટતાં પ્રભુ નામ ઉમંગે, મને! મન ભાવ્યા.
દીન બન્ધુની અજબ દયાથી, પાર હું દુઃખનો પામી;
જપતાં મુખથી જગ સ્વામી, મને! મન ભાવ્યા.

મોહિની— (૩૦)

જુઓ કેવી રૂપાળી હુ છું સુંદરી.
બહુ ભોળું હૃદય મારૂં અરે થોડું થોડું રોજ ઠગાય,
તદપિ હાય બેસે નહિ મન ઠરી. જુઓ.
મન હરણ મળે જો મારા, પામુ મુદથી સુખો ફરી સારાં,
નયનોથી નયનો મળી જશે, તાપો તુરતમાં ટળી જશે;
પરવશ કરૂં ગાન ગાઇ, સરસ પાઇ પ્રિતનું અમૃત જરી. જુઓ.

મોહિની— (૩૧)

રાગી બની જેણે ન લીધો લ્હાવ રતિના રંગનો,
એળે ગયો અવતાર જો ભોગી બન્યો ન અનંગનો.
જોબનવતી જુવતી પ્રસંગે પ્રેમ પાન કર્યું નહિ.
ગુમાવ્યું જીવન વ્યર્થ સાર્થક દેહનું કીધું નહિ.
નારી વિણ નર છે નિરભાગી (૨)

વિનવું રસિલા માન કહ્યું કંઇ માન કહ્યું કંઇ માન
તજી અભિમાન થા રાગી (૨)-નારો.

બને શું મુર્ખ અણસમજુ દીએ શું હંસણી ત્યાગી(૨)
તજે તું બંસરી શાને ગણીને કાષ્ટ હીણભાગી (૨)—નારો.

પ્રભાકર—પરમ પિતુમાતની ભક્તિ પરમ સુખ એ પરમ શક્તિ (૨)
લગન જેને એ નહિં લાગી ખરેખર એજ દુરભાગી (૨)-નારી.

આશાદાસ— (૩૨)

રામ સીતારામ, સીતારામ, સીતારામ,
બાંધ્યો બાવાને માયાથી શું કામરે (૩)
આનંદદાતા એક તારૂં નામ. રામસીતા.

મોહિની—દામ ખોયાં, ધામ ખોયાં, છોડયું અંતે ગામ.
ખોટી આશાથી હારી છું હું હામરે (૩)
ફીકર બાળે આમ આઠે યામ. રામસીતા.

પ્રભાકર— (૩૩)

દુનિયામાં દેવ જોયા, સઘળા સંતાપ ખોયા;
ચાલી રૂડે ધર્મ રાહે. મેંતો.

પાપના પુંજ ધોયા, પાવન માબાપ કેરી
ભક્તિના મીઠા પ્રવાહે. મેંતો.

હું મહીં દોષ હોયે. કરે નહિ રોષ તોયે;
મારૂં જે સારૂં સદા ચાહે. મેંતો.

તાત માતાની સેવા મનાય છે મિષ્ટ મેવા,
સાચા સિદ્ધાન્તિ જનો માંહે. મેં તો.

(૩૪)

ાભેરે અતિશય અરિગણુ, હરિ હરે અઘ પણુ;
શોભેરે છબી શુભ દુઃખહર, સુખકર નટવરની.........(૨)ક્ષોભેરે
ગાઓ ગાઓ પ્રભુ ગુણ ગાઓ, મણી દેવમાંહી ગણી ધીંગો ધણી
ક્ષોભેરે.

ગજપતિ વ્યાધી તમામ વિદારે, ધરી ભાવ નિજજન પર ભારે;
કષ્ટ વિકટમાંથી ઝટ તારે, બની કૃપાળુ અરપે ફળ ચારે.
પુનિત દિદાર, વ્યાધિ નહિ વ્યાપે, શરણે દાસ દેખીને સ્થાપે.—
સ્તુતિ કરો એવા માધવ મુદભરની. ક્ષોભેરે.

છાઇ છટા જલ બાદલમે, ઘનઘોર ઘટા નભ મંડલમે,
જગમે જલમે સ્થલમે સબમે, એક તાર બને સુન બંસરીયા.
ધિન ધિન કટાકટ નાદ નટા, કડતાલ પટા પદ ઝાંઝઝટા,
શિરપે, ફરકે, ચમકે, દમકે, કુંડલ વિધુતવત્ કામનીયાં.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી કંપનીનાં નીચલાં નાટકોનાં ગાયનોની ડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી રોકડેથી અથવા વેલ્યુપેબલ પાર્સલથી મંગાવ્યાથી

ચોપડીનું નામ.	
માયા મોહિની	૦-
માલતી-માધવ	૦-
મુદ્રા પ્રતાપ	૦-
સાગર-સરિતા	૦-
પિતૃભકત પ્રભાકર	૦
અનંગપદ્મા	૦